सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૬ | ૦૫ | ૨૦૨૬ |
| રજીસ્ટર તારીખ | ૧૬ | ૦૫ | ૨૦૨૬ |
| ફેંસલ તારીખ | ૦૩ | ૦૬ | ૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | |

**પોરબંદરના મ્હે. ડીસ્ટ્રીકટ અને સેશન્સ જજ સાહેબની કોર્ટમાં.**

.......................................................................

ફો.પ.અ.નં.૨૨૩/૨૦૨૬

**ઘેલા ઉર્ફે સાજણ ઉમર ખારી સીંધી**
ઉ.વ.આ. ૭૦, ધંધો: સીમ જમીનની ચોકી,
રહે. મોટી મારડ, તા. ધોરાજી,
જી. રાજકોટ તથા ખાણ શેરી સોસાયટી,
પાટણવાવ, રાજકોટ.........................................અરજદાર.

**વિરૂધ્ધ**

**શ્રી સરકાર,**
નોટીસ થ્રુ પી.પી.,
પોરબંદર...................................................સામાવાળા

**બાબત:– પોરબંદરના નવીબંદર પો.સ્ટે. ગુ.ર.નં. પાર્ટ–એ ૧૧૨૧૮૦૦૫૨૫૦૧૧૧/૨૦૨૫, બી.એન.એસ. ની કલમ ૧૦૩(૧), ૫૪ તથા હથીયાર ધારા ક. ૨૫(૧)એ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબના ગુનાના કામે બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૨ હેઠળ આગોતરા જામીન માટેની અરજી.**

.......................................................................
અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી વિ. કે. પંડયા
સામાવાળા તરફે વિ.એ.પી.પી. શ્રી એ.જે. લીલા
.......................................................................

**–:: ઠ રા વ ::–**

(૧) અરજદાર/આરોપીનાએ તેઓ સામે નોંધાયેલ પોરબંદરના નવીબંદર પો.સ્ટે. ગુ.ર.નં. પાર્ટ–એ ૧૧૨૧૮૦૦૫૨૫૦૧૧૧/૨૦૨૫, બી.એન.એસ. ની કલમ ૧૦૩(૧), ૫૪ તથા હથીયાર ધારા ક. ૨૫(૧)એ

તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબના ગુનાના કામે બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૨ હેઠળ આગોતરા જામીન મેળવવા માટે અરજી કરેલ છે.

(૨) ગુનાની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદીના ભાઈ મરણ જનાર ભરત નાથાભાઈ ઓડેદરા તા. ૧૦/૧૨/૨૦૨૫ ના રોજ ક. ૧૭:૩૦ વાગ્યાના અરસામાં ગોસા ગામ બેટી સીમ વિસ્તારમાં પોતાનું ટ્રેક્ટર લઇને આવતો હોય તે દરમ્યાન આ કામના આરોપી નં. ૧ નાએ પોતાની પાસે રહેલ એક દેશી હાથ બનાવટની બંદુકમાંથી એક લોખંડનો ગોળાકાર છરો ફાયરીંગ કરી મરણ જનારને જમણા પગના સાથળના ભાગે ગંભીર ઈજા કરી મોત નિપજાવી આરોપી નં. ૨ નાએ આરોપી નં. ૧ને ગુનામાં ઉપયોગ કરેલ દેશી હાથ બનાવટની બંદુક બનાવી આપવાની વ્યવસ્થા કરી આપી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ગુનો કરેલાનો આક્ષેપ છે.

(૩) જામીન અરજી રજુ થતા સામાપક્ષે પ્રોશીકયુશનને નોટીસ કાઢતાં સરકારપક્ષે વિ.એ.પી.પી.શ્રી એ.જે. લીલા હાજર રહેલ અને આંક–૦૬ થી ત.ક.અમલદારનું સોગંદનામું રજુ કરેલ.

(૪) અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી વિ. કે. પંડયાનાઓએ દલીલ કરી જણાવેલ છે કે, અરજદાર/આરોપી સામે પોરબંદરના નવીબંદર પો.સ્ટે. ગુ.ર.નં. પાર્ટ–એ ૧૧૨૧૮૦૦૫૨૫૦૧૧૧/૨૦૨૫, બી.એન.એસ. ની કલમ ૧૦૩(૧), ૫૪ તથા હથીયાર ધારા ક. ૨૫(૧)એ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબનો ગુનો નોંધાયેલો છે અને અરજદારે આગોતરા જામીન પર મુકત થવા માટે હાલની આ અરજી કરેલ છે. આ કામની ફરીયાદ જોવામાં આવે તો તેમાં અરજદાર/આરોપીનું નામ દર્શાવવામાં આવેલ નથી અને બીજા કોઇ વ્યકિત સંડોવાયેલ હોય તેવું પણ જણાવેલ નથી. આ કામમાં મુખ્ય આરોપી કાસમ જુમા ખારી વિરૂધ્ધ ચાર્જશીટ થઇ ગયેલ છે અને સેશન્સ કમીટ થઇ જતા સેશન્સ કેસ નં. ૧૫/૨૦૨૬ પડેલ છે. જે ચાર્જશીટ વંચાણે લેતાં તેમાં હાલના અરજદાર/આરોપી વિરૂધ્ધ કોઇ સાહેદનો પુરાવો નથી કે કોઇ સાંયોગીક કે

દાર્શનીક કે મેડીકલ પુરાવો નથી. ફરીયાદપક્ષે જે સાહેદોની જુબાની થયેલ છે તેમાં કોઇપણ સાહેદે હાલના અરજદારને સંડોવેલ નથી કે ગુનામાં તેઓએ શું ભાગ ભજવેલ છે તેવી પણ કોઇ હકીકતો દર્શાવેલ નથી. સમગ્ર ચાર્ઝશીટનો પુરાવો વંચાણે લેવામાં આવે તો પણ કોઇપણ સાક્ષી અરજદારને કોઇપણ રીતે ઇન્વોલ્વ કરતા નથી અને માત્ર આરોપીના નિવેદનમાં હાથ બનાવટનીખ દેશી બંદુક બનાવવામાં મદદ કરેલાનો આક્ષેપ છે તે ભારતીય સાક્ષ્ય અધિનિયમ પ્રમાણે આરોપીનું નિવેદન બીજા આરોપી વિરૂધ્ધ વંચાણે લઇ શકાય નહી અને બીજો કોઇ પુરાવો નથી. અરજદાર/આરોપી રાજકોટ જીલ્લાના મોટી મારડ તથા પાટણવાવ ગામના સ્થાનીક રહીશ છે જેથી જામીન પર મુકત થયે કયાંય નાશી ભાગી જાય તેમ નથી. ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લઇ અરજદાર/આરોપીને આગોતરા જામીન પર મુકત કરવા અરજ ગુજારેલ.

(૪.૧) અરજદારના વિ.વ.શ્રીએ તેમની દલીલના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજુ રાખેલ છે.

1. R/Criminal Misc. Application (For Anticipatory Bail) No. 10671 of 2025, Kishin Ashokkumar Krishnani Vs. State of Gujarat.
2. 2025 LiveLaw (SC) 598, P Krishna Mohan Reddy Vs. The State of Andhra Pradesh.

ઉપરોકત ચુકાદાઓમાં પતિપાદીત કરેલ સિધ્ધાંતો આ જામીન અરજીનો નિર્ણય લેવા માટે ધ્યાને રાખેલ છે.

(૫) સરકારશ્રી તરફે વિ.એ. પી. પી. શ્રી એ. જે. લીલાનાઓએ ત.ક.અમલદારનાઓએ આંક-૦૬ થી રજુ કરેલ એફીડેવીટમાં દર્શાવેલ ગુનાની હકીકત તથા આરોપી વિરૂધ્ધની વિગતો ધ્યાનમાં લઇને એવી દલીલ કરી જણાવે છે કે, આ કામના અરજદાર/આરોપીએ દેશી હાથ બનાવટની બંદુક બનાવી આપતા તેના ઉપયોગથી એક વ્યકિતની નિર્મમ હત્યા થઇ ગયેલ છે જે દર્શાવે છે કે આરોપી ગુનાહીત માનસ ધરાવે છે અને ગેરકાયદેસર હથીયારો રાખવા-મેળવવા-બનાવવાના નેટવર્ક સાથે જોડાયેલો હોઇ શકે છે. અરજદાર/આરોપી હાલ નાસતા ફરતા હોય જેથી ફરીયાદી તથા અન્ય સાહેદો સામે સુલેહભંગ કરે તથા નાશી ભાગી જાય તેવી પુરી શકયતા રહેલ છે.

અરજદાર/આરોપી બી.એન.એસ.ની કલમ ૧૦૩(૧) મુજબના ગંભીર પ્રકારના ગુનામાં સહઆરોપી છે અને તેઓ ઝનુની તેમજ તકરારી સ્વભાવના હોય જેથી આગોતરા જામીન મળ્યેથી બીજો ગંભીર ગુનો કરે તેવી પુરી શકયતા રહેલ છે. વધુમાં અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો તપાસની પ્રક્રિયાને નુકશાન પહોંચાડે તીે પુરી શકયતા છે. અરજદાર/આરોપીનું કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશન જરૂરી છે. તેથી આ આગોતરા જામીન અરજી નામંજુર કરવા જણાવેલ છે.

(૬) અરજદારની જામીન અરજી તથા તે સાથે રજુ કરેલ દસ્તાવેજો વંચાણે લીધા. ત.ક.અમલદારે રજુ કરેલ આંક-૦૫ નું એફીડેવીટ તથા પોલીસ પેપર્સ વંચાણે લીધા. અરજદાર/આરોપીના વિ.વ.શ્રી તથા વિ. એ.પી.પી.શ્રીની દલીલો સાંભળી.

(૭) આ કામે ઉપરોકત બંને પક્ષકારો તરફેની રજુઆતો તેમજ પોલીસ પેપર્સ અને તપાસ કરનાર અમલદારનું સોગંદનામું વંચાણે લેતાં એ હકીકત સ્પષ્ટ થાય છે કે, હાલના અરજદાર/આરોપી વિરૂધ્ધ બી.એન.એસ. ની કલમ ૧૦૩(૧), ૫૪ તથા હથીયાર ધારા ક. ૨૫(૧)એ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબના ગુનાનો આરોપ રહેલો છે. સમગ્ર રેકર્ડ અને પોલીસ પેપર્સ ઉપરથી એ હકીકત ફલીત થાય છે કે, આ કામના ફરીયાદીના ભાઇ મરણ જનાર ભરત નાથાભાઇ ઓડેદરા તા. ૧૦/૧૨/૨૦૨૫ ના રોજ ક. ૧૭:૩૦ વાગ્યાના અરસામાં ગોસા ગામ બેટી સીમ વિસ્તારમાં પોતાનું ટ્રેકટર લઈને આવતો હોય તે દરમ્યાન આ કામના આરોપી નં. ૧ નાએ પોતાની પાસે રહેલ એક દેશી હાથ બનાવટની બંદુકમાંથી એક લોખંડનો ગોળાકાર છરો ફાયરીંગ કરી મરણ જનારને જમણા પગના સાથળના ભાગે ગંભીર ઈજા કરી મોત નિપજાવી આરોપી નં. ૨ નાએ આરોપી નં. ૧ ને ગુનામાં ઉપયોગ કરેલ દેશી હાથ બનાવટની બંદુક બનાવી આપવાની વ્યવસ્થા કરી આપી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ગુનો કરેલાનો આક્ષેપ છે. સદર કામે ફરીયાદમાં હાલના અરજદાર/આરોપીનું નામ નથી તેમજ બનાવમાં સહ-આરોપી કાસમ જુમા ખારી નાઓએ દેશી હાથ બનાવટની બંદુક વડે ફાયર કરેલ હોવાનો આક્ષેપ છે.

(૮) ફરીયાદ, પોલીસ પેપર્સ તથા ત.અ.અમલદારનું સોગંદનામું વંચાણે લેતા આ ગુનાના મુખ્ય આરોપીએ જે બંદુક વડે મરણ જનાર ઉપર ફાયરીંગ કરી મરણ જનારનું મૃત્યુ નિપજાવેલ તે બંદુક હાલના અરજદાર/આરોપીએ બનાવી આપેલાનો આક્ષેપ છે. આમ અરજદાર/આરોપી આ ગુનાના મુખ્ય આરોપી નથી અને તેમનો રોલ મુખ્ય આરોપીને બંદુક બનાવી આપેલાનો રહેલ છે. અરજદાર/આરોપીએ સદર બંદુક વડે કોઇ વ્યકિતને ઈજા પહોંચાડેલ હોય કે મૃત્યુ નિપજાવેલ હોય તેવો આક્ષેપ નથી. વધુમાં હાલના અરજદાર/આરોપીને સહ–આરોપી નં. ૧ ના નિવેદનના આધારે ધરપકડ અંગે દહેશત છે. અરજદાર/આરોપીના વિ.વ. શ્રીએ આ કામે રજુ રાખેલ પી.ક્રિષ્ના મોહન રેડી વિ. ધ સ્ટેટ ઓફ આંધ્રપ્રદેશનો ચુકાદો વંચાણે લેતાં આરોપીનું સી.આર.પી.સી.ની કલમ ૧૬૧ મુજબનું નિવેદન આગોતરા જામીન અથવા રેગ્યુલર જામીન વખતે સહ આરોપી સામે ઉપયોગ કરી શકાય નહી. હાલના કેસમાં અરજદાર/આરોપીએ મુખ્ય આરોપીને બંદુક આપેલ હોય તે અંગેની વાત બંને આરોપીઓ વચ્ચે થઇ હોય તેવી કોઇ કોલ–ડીટેલ્સ હોય કે હાલના અરજદાર/આરોપી ભુતકાળમાં ફાયર આર્મના ગુનામાં સંડોવાયેલ હોય તેવી પણ ફરીયાદ પક્ષે રજુઆત નથી. તેમજ તપાસ કરનાર અમલદારને હાલના અરજદાર/આરોપી સામે સહ–આરોપીના નિવેદન સીવાય અન્ય કોઇ આધાર હોવા બાબતે પુછતા અન્ય કોઈ આધાર નહી હોવાનું જણાવતા હોય તેમજ અરજદાર/આરોપીનો કોઇ ગુનાહીત ઈતીહાસ નહી હોવાનું જણાવેલ છે. તપાસ કરનાર અમલદારે કરેલા સોગંદનામાં પ્રમાણે અરજદાર/આરોપી જામીન પર મુકત થયે ફરીથી આવા પ્રકારના ગુનાઓ કરશે અને નાશી ભાગી જશે તેવું જણાવેલ છે, જે અંગે યોગ્ય શરતો મુકી શકાય તેમ છે. અરજદાર/આરોપી સામે આક્ષેપિત ગુનાનો પ્રકાર, મહત્તમ સજાની જોગવાઇ તથા તેમનો આક્ષેપીત રોલ ધ્યાને લેતાં તેમજ સહ–આરોપીની અટક થયા બાદના સહ–આરોપીના નિવેદન સીવાય અરજદાર/આરોપી સામે બીજુ કોઇ મટીરીયલ જણાતુ ન હોય જેથી અરજદાર/આરોપીને યોગ્ય શરતો હેઠળ આગોતરા જામીન ઉપર મુકત કરવા ન્યાયોચીત જણાતું હોય જેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-::હુકમ::-**

(૧) અરજદાર/આરોપી ઘેલા ઉર્ફે ઉમર ખારી સીંધી, રહે. મોટી મારડ, તા. ધોરાજી, જી. રાજકોટ તથા ખાણ શેરી સોસાયટી, પાટણવાવ, જી. રાજકોટનાઓ દવારા બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૨ અન્વયે કરવામાં આવેલી હાલની આગોતરા જામીન અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૨) પોરબંદરના નવીબંદર પો.સ્ટે. ગુ.ર.નં. પાર્ટ-એ ૧૧૨૧૮૦૦૫૨૫૦૧૧૧/૨૦૨૫, બી.એન.એસ. ની કલમ ૧૦૩(૧), ૫૪ તથા હથીયાર ધારા ક. ૨૫(૧)એ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબના ગુનાના કામે આરોપી ઘેલા ઉર્ફે ઉમર ખારી સીંધીનાઓની ધરપકડ કરવાના પ્રસંગે આરોપી રૂા. ૫૦,૦૦૦/- (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) ના જાત મુચરકા તથા તેટલી જ રકમના જામીન આપ્યેથી નીચેની શરતોને આધીન આગોતરા જામીન ઉપર મુકત કરવામાં આવે છે.

શરતો:-

૧) અરજદાર/આરોપીનાઓએ આ હુકમની તારીખથી દિન-૭ માં સબંધીત પો.સ્ટે.માં હાલના ગુનાની તપાસ કરનાર અમલદાર સમક્ષ હાજર રહેવુ. તથા ત્યારબાદ સદર ગુનાના કામે ચાર્જશીટ થતા સુધી દરેક અંગ્રેજી માસના પ્રથમ સપ્તાહમાં એકવાર પો.સ્ટે. માં હાજરી પુરાવવી અને ચાર્જશીર થયા બાદ તેમની સામે ચાલતા કેસની ટ્રાયલ દરમ્યાન નિયમીતપણે કોર્ટમાં હાજર રહેવું.

૨) અરજદાર/આરોપીનાઓએ ફરીયાદપક્ષના સાહેદોને ધાક ધમકી, લાલચ, પ્રલોભન આપવા-અપાવવા નહી કે ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરવા નહી.

૩) અરજદાર/આરોપીનાઓએ કેસનો નિકાલ ન થાય ત્યાં સુધી આ કોર્ટની પુર્વ પરવાનગી સિવાય ભારત દેશની હદ છોડવી નહી.

૪) અરજદાર/આરોપીનાઓએ પોતાના હાલના તથા કાયમી રહેઠાણના સરનામા, મોબાઇલ નંબર અંગેની વિગત જામીન આપતી વખતે રજુ કરવી તથા તેમાં કોઇ ફેરફાર થાય તો તેની લેખીતમાં જાણ ટ્રાયલ કોર્ટને કરવી.

૫) અરજદાર/આરોપીઓ જો પાસપોર્ટ ધરાવતા હોય તો તે જામીન મુકત થવા બાદ દિન-૭(સાત) માં ટ્રાયલ કોર્ટ સમક્ષ જમા કરવાનો રહેશે અને જો પાસપોર્ટ ન ધરાવતા હોય તો તે અંગેનું સોગંદનામું રજુ કરવું.

૬) અરજદાર/આરોપીનાઓએ ફરીથી આ પ્રકારની કે અન્ય કોઇપણ પ્રકારની ગુનાહીત પ્રવૃતિ આચરવી નહી.

૭) અરજદાર/આરોપીનાઓએ દરેક માસની પહેલી અને પંદરમી તારીખે સંબંધીત પોલીસ સ્ટેશને આ ગુનાનું ચાર્જશીટ રજુ થાય ત્યાં સુધી નિયમીત હાજરી પુરાવવી.

૮) અરજદાર/આરોપીએ જયારે તેમને પોલીસ દવારા બોલાવવામાં આવે ત્યારે સંબંધીત પોલીસ સ્ટેશનમાં અચુકપણે હાજર રહી ગુનાની તપાસમાં સંપુર્ણ સહકાર આપવો.

(૩) અરજદાર/આરોપીએ હુકમ મુજબના જામીન સંબંધીત પોલીસ સ્ટેશનમાં આપવાના રહેશે.

(૪) આ હુકમની જાણ સંબંધીત પોલીસ સ્ટેશનને કરવી. જરુરી યાદી કરવી.

હુકમ આજરોજ તા.૦૩ જી, માહે જુન, સને.૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : પોબંદર.
તા.૦૩/૦૬/૨૦૨૬

(એમ. એ. ભટ્ટી)
સેશનસ જજ, પોરબંદર.
**(UID NO GJ01506 )**